

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*દીધી ન સાચી, 'સલાહકાર' હવે રાતો જાગે છે,*
*ડૂબતી નાવ જોઈને ઉંદરડાં હવે ભાગે છે.*
*લાગે છે લીધો છે નિર્ણય કોંગીએ આત્મહત્યાનો*
*ખોટો અહં કોંગીનો, હજી યે વિચારણા માગે છે*
*(વિનાશકાળે વિપરીત બુદ્ધિ)*

### હાઈકુ

*મગર મચ્છ*
*આખરે ગળી ગયો*
*'સુશીલ' રીતે...*
*(બિહાર બચ્યું)*

*વેરવિખેર,*
*કોંગ્રેસ પરિવાર -*
*વાવાઝોડાંમાં...*
*(રાહત પણ અશક્ય)*

### ચિંતન

*હિતં યત્સર્વભૂતાનામાત્મનશ્ચ સુખાવહમ્ ।*
*તત્કુર્યાદીશ્વરે હ્યેતન્મૂલં સર્વાર્થસિધ્ધયે ॥*

**ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવાં આવેલ છે.**

**જે કાર્ય સર્વ પ્રાણીઓ માટે હિતકારી હોય અને પોતાને પણ સુખ આપનારું હોય, તે (કર્મ) ઈશ્વરને અર્પણ કરવું જોઈએ. (ઈશ્વરને કરાયેલું આ સમર્પણ) સર્વ કાર્યોને સિદ્ધ કરે છે.**

**પ્રત્યેક સત્કર્મ ઈશ્વરને સમર્પણ કરવું. આવું સમર્પણ સર્વ સિદ્ધિઓ આપનારું બની રહે છે.**

**કૌરવો-પાંડવો વચ્ચે યુદ્ધ થાય તો કેવા દોષ થાય, એ દર્શાવ્યા પછી વિદુરજી કૌરવ-પાંડવ બંને ભેગા મળી પૃથ્વી પર શાસન કરે એવી મંગળ કામના વ્યક્ત કરે છે.**

**ભાજપના સંનિષ્ઠ-સિદ્ધાંતવાદી કેટલાક સંઘના વિચારકો અને ગાંધીવાદી કેટલાક કોંગ્રેસી, અને કેટલાક શૈક્ષણિક બૌદ્ધિકો સાથે મળી સરકાર રચે તો કેવું મંગળકારી ભારત થાય?!**

### સુવિચાર

- દાઢી પરથી કદી બુદ્ધિનું માપ કઢાય નહિ - **ચીની કહેવત**
- કુદરતમાં ઈનામ નથી અને સજા પણ નથી, છે માત્ર ફળ (કર્મનું) - **સંત ઓગસ્ટીન**
- નાસ્તિક એટલે અદશ્ય જગતમાં જેનું કોઈ સગુવહાલું નથી એવો માણસ - **એસ. ભટ્ટાચાર્ય**
- નીતિના રસ્તે ચાલનારાને ઓળખવાની એક રીત છે,
  એ પોતાની પાછળ કેવા સંતાનો મૂકી જાય છે એ જોવું - **સંત જ્ઞાનેશ્વર**
- નદીનો આ કિનારો કહે છે કે બદું સુખ પેલા કિનારે છે,
  અને પેલો નિનારો કહે છે કે બધું સુખ આ કિનારે છે - **લાઓત્સે**
- અલ્પથી તૃપ્ત રહેવું અઘરું છે પણ અશક્ય નથી, પણ અતિથી તૃપ્ત રહેવું સાવ આશક્ય છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : શ્વાસ ચડતો હોય તો અડદ-મરી અને હળદરનો ધુમાડો લઈ શકાય.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

લેખન ઓલીવર ગોલ્ડ સ્મીથ ઓગણીસમી સદીના મહાન કવિ તથા લેખક. પૈસે ટકે સાવ સાધારણ હતા. લોકો એમની લેખન કલાના ચાહક હતા. એક રાજનેતા વોલપોલને થયું કે જો ઓલીવર ગોલ્ડ સ્મીથ જો અમારી સાથે રાજનીતિમાં જોડાય અન એમની જોશીલી કલમે આપણો પ્રચાર થશે તો ચૂંટણીમાં જનસમર્થન મળશે અને ચૂંટણીમાં જીત નક્કી મળી જશે. અને વોલપોલે ગોલ્ડસ્મીથને ઘણા નાણાની ઑફર મોકલી.

ગોલ્ડસ્મીથે એ કાગળ વાંચી જવાબમાં લખ્યું, 'મહાશય વોલબોલ, અત્યારે હું બાળકો માટેની પરિકથા લખી રહ્યો છું, એમાંથી કદાચ મને પૈસા બહુ ન પણ મળે પણ બાળકોને બહુ આનંદ મળશે. મારું આ પહેલું કર્તવ્ય છે. ભલે હું ભૂખે મરું પણ નેતાઓની ભાટાઈ તો નહીં જ કરું.'

અત્યારે તો સાહિત્યકારો, પત્રકારો, ધાર્મિકસંતો - કથાકારો, 'ભાટાઈ' પ્રમાણે પક્ષમાં વિભાજીત થઈ ગયા છે. આમાં સાચું કોણ?!

# શરીફની નામોશીભરી એક્ઝિટ

**તંત્રીસ્થાનેથી...**

પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફને પનામા પેપર્સ મારફત એમના કથિત ભ્રષ્ટાચારનો પર્દાફાશ થતાં સુપ્રીમ કોર્ટના ચુકાદાને પગલે પદ પરથી રાજીનામું આપવાની ફરજ પડી છે. પાકિસ્તાન જેવા અવિશ્વનીય દેશમાં પણ ન્યાયતંત્ર આવો ચુકાદો આપી શકતું હોય તો એ ખરેખર પ્રસંશનીય બાબત જ ગણાય. શરીફ સામે બીજા શરીફના નામે લશ્કરી જોખમ ઝળૂંબતું હતું, તે સમયાંતરે ખાળી શકાયું. આર્મી ચીફ રાહીલ શરીફ એમની નોકરીની અવધિ સમાપ્ત થતાં નવા સૈન્ય વડાને ચાર્જ સોંપીને નિવૃત્ત થઈ ગયા પણ ૨૦૧૬માં બ્રિટનમાં લીક થયેલાં પનામા પેપર્સ દ્વારા નવાઝ શરીફે અને એમના પરિવારે ટેક્સ હેવન બ્રિટીશ વર્જિન આઈલેન્ડમાં ચાર બેનામી કંપનીઓ મારફત અબજો રૂપિયાની સંપત્તિ ખરીદી હોવાનું તથા હવાલા મારફત કાળું નામું બહાર મોકલાવી શેડો કંપનીઓ દ્વારા ટેક્સચોરી કરી હોવાનું બહાર આવ્યું જેના પગલે પાક સુપ્રીમ કોર્ટે એમને દોષિત ઠેરવ્યા છે અને તેઓ આજીવન વડાપ્રધાનપદ જેવો જાહેર હોદ્દો નહીં સંભાળી શકે એવો ચુકાદો આપ્યો છે. પાકિસ્તાન હસ્તકના પંજાબ પ્રાંતના આ જાગીરદાર અને બિઝનેસમેન પાક રાજકારણમાં સૌથી 'શરીફ' નેતા તરીકેની છાપ ધરાવતા હતા. એ જુદી વાત છે કે પ્રજાએ ત્રણ ત્રણ વાર એમને વડાપ્રધાનની ગાદી પર માનભેર બેસાડ્યા છતાં એમને કિસ્મતમાં પૂર્ણ રાજયોગ નહોતો લખાયો. આથી ત્રણે વાર એમને અધવચ્ચે જ પદપરથી હટી જવું પડ્યું હતું. કયારેક રાષ્ટ્રપતિ નડ્યા, કયારેક લશ્કર અને આ વખતે અદાલત શરીફે એમના લઘુબંધુ શાહબાઝખાન શરીફને સત્તા સોંપવાનું મન બનાવ્યું છે. શાહભાઝ હાલ પંજાબના ચીફ મિનિસ્ટર છે. પાકિસ્તાનમાં સત્તાના ખેલંદાઓ પૈકી ભુટ્ટો પરિવારની હમણાં પડતી દિશા છે. ક્રિકેટર ઈમરાનખાન વડાપ્રધાન પદ માટે ટાંપીને બેઠા છે. સેનાપતિમાંથી પ્રેસિડેન્ટ બનેલા જનરલ મુશર્રફની દાઢ પણ સળકે, પરંતુ એમની સામે અનેક કાયદાકીય અવરોધો છે. પાક નેશનલ એસેમ્બલી અર્થાત્ પાકિસ્તાનની સંસદમાં શરીફના વિશ્વાસુ સાધુઓ પૈકી કોઈ આ પદ સંભાળી શકે છે. શરીફનાં રાજકીય વારસ પુત્રી મરિયમ સંસદસભ્ય તરીકે ચૂંટાયેલ નથી અને એમના ભાઈ પણ પંજાબની ધારાસભાના સભ્ય છે, એથી પરિવાર બહારના કોઈ નેતાનો પણ નંબર લાગી શકે. આવી ડામાડોળ પરિસ્થિતિમાં જો લશ્કરી વડાની દાઢ સળકે તો ફરી એક વાર પાકિસ્તાન આર્મીની હકૂમત હેઠળ આવી શકે એમ છે. હાલમાં અમેરિકાએ પાકિસ્તાનને મદદ કરતો હાથ પાછો ખેંચી લીધો છે અને ચીન સાથે એનાં છાનગપતિયાં છાનાં નથી રહ્યાં. તકનો ફાયદો ઉઠાવી ચીની ડ્રેગન કદાચ પાકિસ્તાની આર્મીને ઉશ્કેરે એ પણ શક્ય છે. અંગ્રેજોને બસો વર્ષના શાસન પછી ભારત છોડ્યું ત્યારે ભાગલા પાડવાની નીતિ અપનાવી હતી. એણે મુસ્લિમ લીગના નેતા મહંમદ અલી ઝીણાને અલગ ઈસ્લામિક રાષ્ટ્ર માટેની માગણી કરવા ઉશ્કેર્યા હતા, જેનાં દુષ્પરિણામો બેઉ પાડોશી દેશો આજપર્યંત ભોગવી રહ્યા છે. કાશ્મીરનો લટકતો પ્રશ્ન ભારત માટે કાયમી શિરોવેદના બની રહેલ છે. અત્યાર સુદી પાકિસ્તાનમાં એક પણ એવો નેતા નથી પેદા થયો જે કાશ્મીરને ભારતનો ભાગ માનવા તૈયાર થાય. આથી બેઉ પાડોશી રાષ્ટ્રો વચ્ચે ભાગલા વખતનું વૈમનસ્ય સતત વકરતું જ રહ્યું છે. ઈંદિરા ગાંધી સાથે પાક વડાપ્રધાન ભુટ્ટોએ એ સમયે એમની ઓગણીસ વર્ષની કાચી કુંવારી દીકરી બેનઝીરની હાજરીમાં શિમલા કરાર કર્યા હતા, જેમાં કાશ્મીર પ્રશ્ને ત્રીજા પરિબળની મધ્યસ્થી વગર પરસ્પર વાટાઘાટોથી એનો ઉકેલ આણવાનું સ્વીકારાયું હતું. પરંતુ મુશર્રફે અમેરિકાને મધ્યસ્થી કરવા ખુલ્લું નોતરું પાઠવ્યું હતું અને તત્કાલીન વડાપ્રધાન નવાઝ શરીફ તથા તત્કાલીન ભારતીય વડાપ્રધાન વાજપેયી વચ્ચેની સુલેહપૂર્ણ વાટાઘાટોનો કારગિલ યુદ્ધ સુલેહભર્યા સંબંધો રાખવા માગતા મિયાં નવાઝ શરીફને પણ આર્મી અને આતંકવાદી તત્ત્વોના દબાણ હેઠળ આંતરરાષ્ટ્રીય ફલક પર કાશ્મીર મુદ્દો વારંવાર ઉઠાવવો પડ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શરીફ સાથેની વ્યૂહાત્મક દોસ્તી પણ આખરે કડવાશભર્યા અબોલામાં પરિણમી હતી અને હાલ તો પાકિસ્તાન સાથે ભારતના સંબંધો કહેવા પૂરતા જ રહ્યા છે તે સર્વિદિત છે. શરીફની વિદાય પછી જે કોઈ નવો નેતા આવશે એને પણ ભારતની સાથે દુશ્મનાવટનું જ ડિમડિમ વગાડવાનું રહેશે, એ નક્કી છે.

# મિલ્કત ખરીદનાર વેચનારના ઝઘડાનું નિવારણ એટલે રીયલ એસ્ટેટ એકટ (રેરા) ૨૦૧૬



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

ભારતમાં રીયલ એસ્ટેટ એકટ રેરા ૨૦૧૬ લાગુ કરીને બાંધકામના ક્ષેત્રમાં શિસ્તબધ્ધતા લાવવા તથા ગ્રાહકોનું શોષણ થતું અટકાવવા રેરાનો કાયદો લાગુ કરવામાં આવ્યો છે જેમાં ૯૨ કલમો દ્વારા બાંધકામ ક્ષેત્રના સંપૂર્ણ પ્રશ્નો અને કાયદાકિય જોગવાઈનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે દરેક વ્યક્તિનું સપનું પોતાનું ઘર અને ઘરના ઘરનું હોય છે પરંતુ જયારે મકાન, ફલેટ કે એપાર્ટમેન્ટ લેવા જઈએ છીએ ત્યારે બિલ્ડર્સની મોહજાળમાં ગ્રાહકો ફસાઈ જાય છે. પ્રોજેકટ કેટલા સમયમાં પુરો કરવામાં આવશે? તથા પઝેશન કયારે આપવામાં આવશે? તે નક્કિ હોતું નથી કેટલાક પ્રોજેકટનું તો બાળ મરણ થઈ જાય છે બિલ્ડર્સ અધવચ્ચે પ્રોજેકટ અન્યને વેચાણ કરી જતો રહે છે આવા સમયે જુના ગ્રાહકોને ભોગવવું પડે છે ગ્રાહકો માંડ માંડ પોતાની બચત જે ડિપોઝીટ સ્વરૂપે આપી મકાન બુકિંગ કરાવેલ હોય તે બુકિંગની રકમ પરત મળે છે આના ઉકેલ માટે અને અવ્યવસ્થીત બાંધકામ ક્ષેત્રને એક સુવ્યવસ્થીત કાયદાથી એક સૂત્રતામાં બાંધવા માટે રેરા ૨૦૧૬ નો કાયદો ભારત સરકાર દ્વારા લાવવામાં આવ્યો છે. પારદર્શકતા અને જવાબદારીઓ એ રેરાના મુખ્ય ફાયદા છે. ડેવલપોર્સ અને ખરીદનારના ઝઘડાનું ત્વરીત નિરાકરણ રેરા દ્વારા લાવવામાં આવશે જે ઓથોરીટી રાજય સરકાર દ્વારા નિયુકત કરવામાં આવશે તેને કાયદાકિય અધિકાર આપવામાં આવશે. રેરાની કલમ ૧૧ થી ૧૮ માં રેરાની સત્તાઓ અને કાર્યવાહિની જોગવાઈ નક્કિ કરવામાં આવેલ છે. ઝડપથી થતા શહેરીકરણ અને મેટ્રો શહેરોને રાપર-૧, રાપર-૨ માં મુકી રેસીડેન્સીયલ અને કોર્મશીયલ પ્રોજેકટનો પણ સમાવેશ કરવામાં આવશે.

હવેથી ડેવલપર્સ કોઈપણ એપાર્ટમેન્ટ જવાબદાર સત્તા તરફથી કમેન્ટમેન્ટ સર્ટીફિકેટ વગર વેચી શકશે નહિ કે બુકિંગ પણ કરી શકશે નહિ જેથી વિશ્વાસનીય બિલ્ડર્સ દ્વારા પ્રોજેકટ સમયસર પુરો કરવાની બાંહેધરી મળી શકશે. કાયદા મુજબ પ્રોજેકટમાં રોકાણ કરનારની ખરીદનારની ૭૦ ટકા રકમ બાંધકામમાં જ વાપરવાની રહેશે ખરીદારને ચાલુ પ્રોજેકટની તમામ માહિતી આપવાની રહેશે, તમામ પ્રકારના સર્ટીફિકેટ ગ્રાહકને પુરા પાડવાના રહેશે, વિલંબની તારીખથી ખરીદનારને ૨ ટકા વળતર ચુકવવું પડશે, બુકિંગના નાણાની વિગત બાંધકામનો ખર્ચ ડેવલોપમેન્ટ ખર્ચ વપરાયેલા નાણાની પૂરેપૂરી વિગતો ગ્રાહકોને આપવી પડશે, આર્કિટેક એન્જીનીયરના તમામ સર્ટીફિકેટ બાંધકામને લગતા જાહેર કરવા પડશે.

આ કાયદો ઘર ખરીદનારને સશક્ત બનાવવા માટે તેમજ લે ભાગુ તથા વિલંબીત બિલ્ડર્સના પ્રોજેકટથી વળતર અપાવવા માટેનો છે. ઘર ખરીદનારના આત્મવિશ્વાસમાં વધારો કરાવશે. બિલ્ડર્સ, ડેવલોપર્સ પણ પોતે નિયત સમય મર્યાદામાં પ્રોજેકટ પૂરો કરી ગ્રાહકોને પઝેશન આપશે તેવી બાંહેકરી આપતા હોય વિલંબીત સમય માટે ગ્રાહકોને વળતર મળશે તેથી સાચા ડેવલોપર્સ જ પોતાના પ્રોજેકટ પુરા કરી શકશે. રીયલ એસ્ટેટ એકટ હેઠળ બ્રોકર તથા કમિશ એજન્ટની વિગતો પણ જાહેર કરવાની રહેશે તથા તેમના બ્રોકરેજ ઉપર ટેક્ષ કપાત પણ કરવાની રહેશે જેથી લે ભાગુ એજન્ટોથી ગ્રાહકો બચશે.

રેરાના કારણે કોઈપણ વ્યક્તિના જીવનમાં ઘર ખરીદવાના નિર્ણયને કાયદાથી સુરક્ષીત કરવામાં આવ્યો છે જયારે ડેવલોપર્સે તમામ વિગત જાહેર કરવાની હોવાથી છેતરપીંડીનું પ્રમાણ નહિવત રહેશે કામગીરીની વિગતો, ગુણવત્તાની વિગતો જમીનના તમામ પ્રકારના

અનુસંધાન પાના નં. ૭ પર

# કાળા ડિબાંગ ઓ છલકાતા આભ, હવે બીડી દે તારા કમાડ, મને વહાલો છે ચપટીક ઉઘાડ

કાળા ડિબાંગ ઓ છલકાતા આભ
હવે બીડી દે તારા કમાડ
મને વહાલો છે ચપટીક ઉઘાડ

- કામિની વ્યાસ

વરસાદે જયારે માઝા મૂકી છે ત્યારે જનજીવન સાવ ખોરંભે ચડી ગયું. જળબંબાકાર ધરતી હવે હરિયાળી લીલીછમ્મ વનરાઈને બદલે નાનકડાં ટાપુ સમી દેખાઈ રહી છે. કોઈ પણ વસ્તુઓ અતિરેક હંમેશા આપણને તકલીફ અને હાનિ જ પહોંચાડે છે એ વાત આપણે સૌ જાણીએ છીએ છતાં આ આપણો અતિરેક આપણને કયારેક દેખાયો નથી. ગ્લોબલ વોર્મિંગ, પોલ્યુશન, પોપ્યુલેશન, આડેધડ વૃક્ષોનું છેદન આ તમામ ગંભીર બાબતોને અવગણી કાઢવાને લીધે જ આજે આ પરિસ્થિતિ સર્જાઈ છે. એ વાત તો આપણે પોતે જ સ્વીકારવી રહી. ચોમાસું એટલે માત્ર વરસાદની ઋતુ નહિ. ચોમાસું એટલે પરબ, પરવણી, વ્રત-તહેવારોને મેળો. અને એમાંય શ્રાવણ મહિનો તો ચારેય મહિનામાં વિશેષ અદકો. એની એકેએક તિથિ જીવંત ધબકતો એક તહેવાર જાણે! રક્ષાબંધન, બોળચોથ, નાગપાંચમ, રાંધણ છઠ્ઠ, સાતમ-આઠમ, શ્રાવણિયા સોમવાર એ તમામે તમામ વ્રતનાં ઊજવણાં, ભાવતાં ભોજનની મિજબાની તન મનને પણ આ સૂકી ધરાને વર્ષા ભીંજવે એમ તૃપ્ત કરી દે છે. પણ આ વર્ષે પરિસ્થિતિ કંઈક સાવ જુદી જ જોવા મળી રહી છે. વરસાદને હવે ખમૈયા કરવાનું કહીને પણ થાકી-હારી ચૂકેલો માનવી અવાક્ બનીને કુદરતના આ રૌદ્ર સ્વરુપને નિહાળી રહ્યો છે.

આંગણું પલાળ કે પછી બારણું પલાળ,
તેં તો ડૂબાડ્યાં ગામોનાં ગામ.
વરસે તો જંપવાનું નામ નહીં લે,
એમાં હારે છે માનવીઓની હામ
દૂર કરને આ તારો વળગાડ
મને વહાલો છે ચપટીક ઉઘાડ

- કામિની વ્યાસ

વરસાદના આ બિહામણા સ્વરુપે સામે આપણે મનુષ્યોએ સાથે મળીને શક્ય એટલા વધુ લોકોને વધુ પશુ-પંખીઓને મદદરુપ બનવાના પ્રયાસો હાથ ધરવા પડશે. જેનાથી જે પણ શક્ય બને તે પ્રકારે મદદરુપ બનીને આપત્તિની આ કપરી ક્ષણનો સામનો કરવામાં આવે તો તેની અસર ચોક્કસપણે થોડી ઘટાડી શકાશે. જયોર્જ બર્નાડ શૉ લખે છે તેમ,



**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

"હું મૃત્યુ પામું તે પહેલાં મારે જાતની પૂરેપૂરો ઉપયોગ કરી લેવો છે. હું જેટલું વધુ કામ કરીશ એટલો વધારે હું જીવીશ, મારે માટે જીવન 'ટૂંકી મીણબત્તી' નથી. એક ભવ્ય મશાલ છે, જે પલભર માટે મારા હાથમાં આવી છે અને ભવિષ્યની પ્રજાને તે સોંપી દેતાં પહેલાં શક્ય તેટલા તેજથી મારે એને પ્રજ્વલિત કરવી છે."

કુદરતી આપત્તિના આ કપરા સમયે જો સમગ્ર સજીવસૃષ્ટિ એકમેકનો ખ્યાલ રાખે અને સંવેદનાપૂર્ણ રીતે વર્તે તો તેની આકરી અસરો ચોક્કસપણે ઘટાડી શકાય. પ્રકૃતિમાંથી ઘણું શીખવા જેવું છે. પણ આપણે મનુષ્યો હંમેશા ઠોકર ખાધા બાદ જ સમજતા હોઈએ છીએ. પ્રકૃતિના સંવેદનાપૂર્ણ વ્યવહારને વ્યક્ત કરતા એક રૂપકને કવિશ્રી દુલાભાયા 'કાગ' ખૂબ સુંદર રીતે વર્ણવે છે; લોકકલ્પનાની એક જૂની વાત આપણને ઘણું શીખવી જાય છે.

'વનમાં આગ લાગી છે. એક વડલા પર પોપટ-પોપટીનું જોડલું ઘણાં વર્ષોથી વસતું. તેને વડલો કહે :' 'હે પક્ષીઓ! તમે ઊડી જાઓ, કારણ કે જંગલનાં લાગેલો દાવાનળ મને હમણાં બાળી મૂકશે. મારે તો પાંખો નથી, માટે બળી જઈશ. પણ તમે તમારા, પ્રાણ બચાવો.' ત્યારે બંને પક્ષી બોલે છે કે :

'પત્ર બિગાડે ફળ ડસે, બેઠે શીતળ છાંય;
તુમ જલો અમો ઊડીએ, જીવન કા ફલ નાંય.'
એ નિર્દોષ પારેવાનું જોડલું કહે છે કે,
"આશરે તારે ઈંડા ઉછેર્યાં, ફળ ખાધાં રસવાળાં જી;
મરવા વખતે સાથ છોડી દે. એ મોઢા મશળવાં
ભેળાં મરશું, ભેળાં જન્મશે, તારે માથે કરશું માળા જી;
'કાગ' કે આપણે ભેળા બાવશ, ભેળાં ભરશું ઉચાળા."

તો આવો, આપણે પણ આપણા ત્યાં કામ કરવા આવનાર, આસપાસની ઝૂંપડપટ્ટીમાં વસતા કે ફૂટપાથ પર સૂઈ રહેનારા લોકોને આપણાથી જે કાંઈ પણ મદદ થઈ શકે તે કરવાનો પ્રયાસ કરીએ. આપણામાં રહેલી અનુકંપા અને સંવેદનાને જાગૃત કરીને રોડ પર ફસાયેલાં લોકોનાં વીડિયો લઈને તેને અપલોડ કરવાની ઉતાવળ કરવાને બદલે તેમને મદદ કરવાનો પ્રયાસ કરીએ. એક ભયાનક વાવાઝોડું ભલે ગમે તેટલી તારાજી સર્જી દે પણ, ત્યારબાદ નીરવ શાંતિ વ્યાપી જ જાય છે. ધીરજપૂર્વક, સમજણપૂર્વક આવી પડેલી આપત્તિનો સામનો કરવામાં જ સૌનું હિત સમાયેલું છે.

કવિ શ્રી ચીનુ મોદી લખે છે તેમ,
"ઓસની લાગે તરસ જો મેઘ અનરાધાર હો -
આ નજાકત વાત કેવળ ફૂલને સમજાય છે."

માણસની મર્યાદાઓ અનેક છે. ભૂલો પણ અસંખ્ય છે. તેની જ નબળાઈ તેને નડે છે. માણસ અધૂરો, અણઘડ અને સીમિત છે. એ પોતે જાણએ તેમ છતાં જયારે એ મિથ્યાભિમાની બની આ સારા-નરસાનું વિવેકભાન ચૂકે ત્યારે ઈશ્વર પોતાની સર્વેપરી સત્તાને પ્રસ્થાપિત કરીને માણસને પોતાની મર્યાદાઓથી વાકેફ કરાવી જ દે છે. તો આવો, ઈશ્વરની સર્વોપરી સત્તાતને સ્વીકારીએ અને તેની રચેલી સુંદર સૃષ્ટિનું સૌ સાથે મળીને જતન કરીએ.

**Last Seen :**
"અતિ થઈ જાય છે ત્યારે તો એની યાદ આવે છે,
અમે સૌ માનવી ને એ છે ઈશ્વર, યાદ આવે છે."
- ડૉ. મુકેશ જોષી

- nehalgadhavi101@gmail.com

# જમ્મુ-કાશ્મીરમાંથી બુલંદ થયો હિંદુરાષ્ટ્રનો નારો


ભારતીય રાજ્ય જમ્મુ-કાશ્મીર રક્તરંજિત છે. શ્રીનગરમાં શાસન પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી અને ભારતીય જનતા પક્ષનું છે. દિલ્હીમાં પણ ભારતીય જનતા પક્ષના નેતૃત્વમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા(એનડીએ)નો સૂરજ તપે છે. ત્રણ-ત્રણ વર્ષ વીત્યાં, પણ ભારતના મુકુટમણિ સમા જમ્મુ-કાશ્મીરમાં શાંતિ સ્થપાવાના સંજોગો નથી. અડધું જમ્મૂ-કાશ્મીર પાકિસ્તાન દબાવીને બેઠું છે, કેટલાક પર ચીનનો કબજો છે, ભારત કને માત્ર ૪૬ ટકા જમ્મુ-કાશ્મીર પ્રદેશ હોવા છતાં લોહીતરસ્યા પાકિસ્તાન અને એના મિત્ર ચીનની આખા જમ્મુ-કાશ્મીરને ભરખી જવાની મંછા હજુ રોજેરોજ શહીદોની લાશો પાઠવીને દિલ્હીને મહેણાં મારે છે.

વાત ઈતિહાસથી માંડીને પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુ અને કાશ્મીરી નેતા શેખ અબ્દુલ્લાની ભાંડણલીલાઓની ખૂબ ચાલી. બંધારણની કલમ ૩૭૦ને કાઢી નાંખવામાં સઘળી સમસ્યાઓના ઉકેલ નિહાળવામાં આવ્યા અને 'શેર હમારા મારા હૈ, શેખ અબ્દુલ્લાને મારા હૈ'ની ગર્જનાઓ પણ ખૂબ કરાઈ. એ વાત વીસારે પડાઈ કે નહેરુ સાથે સરદાર પટેલ પણ હતા. ૩૭૦ની કલમ દાખલ કરાવવામાં નેહરુની અમેરિકા મુલાકાત વખતે સરદાર પટેલે જ દીર્ઘદષ્ટિ વાપરી હતી, ડૉ. શ્યામાપ્રસાદ મુકરજી એ જ નેહરુ સરકારમાં પ્રધાન હતા. શેખ અબ્દુલ્લાને માથે ડૉ. મુકરજીની જેલવાસમાં હત્યા કરાવવાનું આળ મૂકાવાય છે, પણ એ જ અબ્દુલ્લાના પુત્ર ડૉ. ફારુક અબદુલ્લા અને પૌત્ર ઓમર અબ્દુલ્લા સાથે સત્તાનાં સહશયન કરવામાં ભાજપને વાંધો પડતો નથી. શ્યામાબાબુના અંગત સચિવ રહેલા અટલ બિહારી વાજપેયી વડા પ્રધાન બન્યા ત્યારે એમની કેન્દ્ર સરકારમાં ઓમર વિદેશ રાજ્યપ્રધાન હતા. ડૉ. અબ્દુલ્લા એનડીએના ઘટક પક્ષના મુખ્ય પ્રધાન હતા. 'શેર હમારા મારા હૈ'નો નારો વીસારે પડાયો હતો.

અત્યારે જે ભાજપ અને પીડીપી સાથે મળીને રાજ કરે છે, એ પીડીપીનાં મૂળ કોંગ્રેસી ગોત્રમાં છે. પીડીપીના સંસ્થાપક અને વડા પ્રધાન વી. પી. સિંહની સરકારમાં ગૃહ પ્રધાન રહેલા મુફ્તી મહંમદ સઈદના ત્રાસવાદી અને કાશ્મીરી ભાગલાવાદીઓ સાથેના મધુર સંબંધ હોવાની વાત ભાજપના સમયગાળામાં જ જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ રહેલા લેફ્ટનન્ટ જનરલ એસ. કે. સિંહાએ વડા પ્રધાન સુધી પહોંચાડી હતી. પોતાના પુસ્તક 'મિશન કશ્મીર'માં તો જનરલ સિંહાએ મુફ્તી અને એમનાં શાહજાદી મહેબૂબા મુફ્તીની દાગી કુંડળી નોંધી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને પીડીપી સાથે મળીને સરકાર નહીં રચવાનો આગ્રહ કરનાર જમ્મુ-કાશ્મીરના જૂના સંઘી એવા ભાજપી નેતા હરિ ઓમ મહાજનને છ વર્ષ માટે પક્ષમાંથી તગેડી મૂકવાનો સરપાવ અપાયો. 'ત્રાસવાદીઓને જેલમુક્ત કરાવવા માટે દીકરી રૂબિયાનું અપહરણ કરાવવાનું નાટક કરનાર' (જનરલ સિંહાના શબ્દોમાં) મુફ્તીને મુખ્ય પ્રધાન બનાવાયા અને એમાં નાયબ મુખ્ય પ્રધાનપદે હરિ ઓમના વિદ્યાર્થી રહેલા ડૉ.. નિર્મલકુમાર સિંહને મૂકાયા. મુફ્તીના નિધન બાદ તેમની શાહજાદી મહેબૂબા મુફ્તીને મુખ્ય પ્રધાન પદ સોંપાયું.

આ સઘળો ઘટનાક્રમ મૂકપ્રેક્ષક તરીકે ભાજપની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની નેતાગીરીએ નિહાળ્યો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કહ્યાગરા સંઘ-પ્રચારક રામ માધવે 'ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવના મિલન'માં (મુફ્તીના શબ્દોમાં) પુરોહિતનું કામ કર્યું. સંઘની ૨૦૦૩ની કુરુક્ષેત્ર ખાતે મળેલી પ્રતિનિધિ સભાના જમ્મૂ-કાશ્મીર અંગે ત્રિભાજનના ઠરાવના અમલનો આગ્રહ રાખનાર અને રાજ્યમાં પક્ષનાં મૂળિયાં મજબૂત કરનાર હરિ ઓમને પક્ષમાંથી હકાલપટ્ટી કરાયા પછી પણ એમણે સત્યવાણીના ઉચ્ચારણ છોડ્યાં નહીં. સંઘની પ્રતિનિધિ સભાનો એ ઠરાવ જમ્મૂ-કાશ્મીરના ત્રિભાજનનો છે. જમ્મૂ અને કાશ્મીર એ બે રાજ્ય અને લડાખને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવા અંગેનો. સત્તાની મોહિની એવી અસર કરે છે કે સંઘ-ભાજપ ૩૭૦ની કલમને રદ કરવાની આગ્રહી ભૂમિકા રાખનાર રાષ્ટ્રદ્રોહી હોવાનું મુખ્યમંત્રી મેહબૂબા કહે છે છતાં સંઘ-ભાજપની નેતાગીરીએ નીચી મૂંડીએ એ સહન કર્યું છે. અંદરખાને કહે છે કે સંઘ-ભાજપનો પ્રભાવ વધશે તો જમ્મૂ-કાશ્મીર કોકડું ઉકેલાશે. ત્રણ વર્ષ થયાં, હજુ અચ્છે દિનની પ્રતીક્ષા જ છે.

જમ્મૂ-કાશ્મીરમાં અત્યારે 'અપનેવાલે' સત્તામાં હોય ત્યારે જમ્મૂમાં સંઘના નવનિર્મિત કાર્યાલયના ઉદઘાટન-પૂજા સહિત વેદમંદિરમાં સંઘના દેશભરના અને દુનિયાના અન્ય દેશોના પણ પ્રચારકોની તથા વિસ્તારકોની ત્રિદિવસીય બેઠકમાં કુરુક્ષેત્રમાંના 'રાજ્યના વિભાજન' અંગેના ઠરાવની વાત તો ના થઈ, પરંતુ પ્રચારપ્રમુખ ડૉ. મનમોહન વૈદ્યે 'ભારત હિંદુરાષ્ટ્ર છે અને કોંગ્રેસ લોકો સમક્ષ ખુલ્લી પડી ગઈ છે' એવી ગર્જના જરૂર કરી. ક્યારેક સરદાર પટેલ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર જ નહીં, ડૉ. મુકરજી પણ (તથાગત રૉયલિખિત અને ડૉ. મુકરજીની જીવનકથા મુજબ) 'હિંદુરાષ્ટ્ર'ના વિરોધી હતા. રૉય અત્યારે ત્રિપુરાના રાજ્યપાલ છે. અગાઉ પ. બંગાળના ભાજપપ્રમુખ અને સંઘના સ્વયંસેવક રહ્યા છે.



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

હિંદુરાષ્ટ્રની વ્યાખ્યાઓ બદલાયા કરે છે. જોકે, સંઘના સરસંઘચાલક ડૉ. મોહનરાવ ભાગવત સહિતની નેતાગીરીની ઉપસ્થિતિ ધરાવતી ત્રિદિવસીય બેઠકમાં 'ત્રાસવાદ અને ભાગલાવાદ સામે લડવાનો સંકલ્પ' કરાયો એ આવકાર્ય છે. જમ્મૂ-કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ છે અને મહારાજા હરિસિંહે જે રાજ્યનો વિલય ભારતમાં ૨૭ ઑક્ટોબર ૧૯૪૭ના રોજ કર્યો હતો, એના તમામ હિસ્સા પર ભારતે પુનઃ અંકુશ મેળવવો પડે. એ વખતે ભારત હિંદુ-મુસ્લિમ ભેદભાવ કરી ના શકે. સરદાર પટેલના સ્વપ્નના સર્વસમાવેશક ભારતને સાકાર કરવાનું હજુ બાકી છે. મ્યાનમારના ગેરકાયદે ઘૂસી આવેલા દસેક હજાર રોહિંગ્યાસ અને બાંગલાદેશી મુસ્લિમો જમ્મુ આવીને વસ્યા છે. એમને શોધી કાઢીને 'તગેડી મૂકવા'નું એલાન તો થયું, પણ આજે દેશભરમાં દોઢેક કરોડ બાંગલાદેશી ઘૂસણખોરોને પાછા તગેડવાનો આવો ભાજપી જ નહીં, રાષ્ટ્રીય સંકલ્પ પણ અધૂરો છે ત્યાં આ નવી ઉપાધિનો ઈલાજ કેમ થશે, એ કહેવું મુશ્કેલ છે.

સંઘના પ્રચારકોની બેઠકમાં ભારતીય બંધારણની કલમ ૩૭૦થી રાજ્યને અલગ બંધારણીય દરજ્જો મળતો હોવાના સંદર્ભમાં રજૂઆત કરીને આ કલમ રદ કરવાની માગણી કરતા કાશ્મીરી પંડિતોના સંગઠન પનૂન કાશ્મીરના પ્રમુખ અશ્વની કુમાર ચ્રુન્ગૂએ સંઘના 'અધિકારીઓ' (હોદ્દેદારો)ને લખેલા પત્રનો ડૉ. વૈદ્યે લાક્ષણિક રીતે ઉત્તર વાળ્યો: 'આવો કોઈ પત્ર સંઘને મળ્યો નથી. અને તેઓ એટલા બધા ગંભીર હોય તો એમણે આવીને અમારી સાથે વાત કરવી જોઈતી હતી.' જોકે, ડૉ. વૈદ્યે જમ્મુ-કાશ્મીરના હિંદુઓને લઘુમતી જાહેર કરવાની માગણીને સમર્થન જરૂર આપ્યું. નવાઈ એ વાતની છે કે કેન્દ્રમાં અને રાજ્યમાં ૨૦૧૪થી સંઘના સંતાન જેવા ભાજપની સરકાર હોવા છતાં ના તો જમ્મૂ-કાશ્મીરમાં હિંદુઓને લઘુમતી જાહેર કરીને વિશેષાધિકાર અપાયો છે કે ના ૩૭૦ને રદ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

મુખ્ય પ્રધાન મુફ્તી અને વડા પ્રધાન મોદીની સંયુક્ત જાહેરસભામાં

અનુસંધાન પાના નં. ૭ પર